# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14.09.2026** **Morning: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બ્રિક્સ સંમેલનને સફળ બનાવવા બદલ તમામ બ્રિક્સ સભ્ય દેશોનો આભાર વ્યક્ત કર્યો -- પ્રધાનમંત્રી એ વિવિધ રાષ્ટ્રોના વડાઓ સાથે 15 દ્વિપક્ષીય બેઠકો યોજી.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યુંછે કે NDA શાસિત 21 રાજ્યોમાં 2029 પહેલા સમાન નાગરિક ધારો અમલમાં આવશે.

3) હોર્મુઝ સામુદ્રધુની અંગે ચર્ચા કરવા માટે ઈરાન અને ખાડી દેશો વચ્ચે આજે યોજાનારી બેઠક મુલતવી.

4) આજે દેશભરમાં ગણેશ ચતુર્થીની ખૂબ જ ભક્તિભાવ અને આનંદથી ઉજવણી થઈ રહી છે.

5) ક્રિકેટમાં, ભારતે મહિલા એશિયા કપ જીત્યો. રાષ્ટ્રપતિએ અભિનંદન પાઠવ્યા

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

ડેસ્ક

# ASIA-CUP

ક્રિકેટમાં, ભારતે મહિલા એશિયા કપ 2026 જીતી લીધો છે . ગઈકાલે ફાઇનલમાં શ્રીલંકાને 72 રનથી હરાવીને આઠમી વખત એશિયા કપ જીત્યો. આ જીત સાથે, ભારતે 2024ની ફાઇનલમાં શ્રીલંકા સામેની હારને સરભર કરી છે.

વન-ડે અને ટી20 ફોર્મેટ બંનેમાં એશિયા કપ ફાઇનલમાં શ્રીલંકા સામે ભારતનો આ છઠ્ઠો વિજય છે, જેમાં 2004 ની શ્રેણીનો સમાવેશ થાય છે, જ્યાં ભારતે બે ટીમોની ટુર્નામેન્ટમાં શ્રીલંકાને 5-0 થી હરાવ્યું હતું.

ઓપનર શેફાલી વર્મા અને સ્મૃતિ મંધાના વચ્ચેની રેકોર્ડબ્રેક 129 રનની ભાગીદારીને કારણે ભારતે 5 વિકેટે 183 રન બનાવ્યા. ત્યારબાદ બોલરોએ શ્રીલંકાને 19 ઓવર અને 4 બોલમાં 111 રનમાં ઓલઆઉટ કરી દીધી, જેમાં શ્રી ચારાનીએ ચાર વિકેટ અને દીપ્તિ શર્માએ ત્રણ વિકેટ લીધી. શેફાલી વર્માને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ, ટીમ ઈન્ડિયાના તમામ સભ્યોને મહિલા T20 એશિયા કપ જીતવા બદલ અભિનંદન પાઠવ્યા છે.

-------------------------

પૂલ,મિતલ – ધ્વનિત રાવલ

# BHARAT-AFGANISTANT- T -20

ભારતે પુરુષોની T20 આંતરરાષ્ટ્રીય મેચમાં અફઘાનિસ્તાનને 7 વિકેટથી હરાવીને ત્રણ મેચની શ્રેણીમાં 1-0 ની સરસાઈ મેળવી છે.

ગઈકાલે રાત્રે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં ટોસ જીતીને, ભારતે પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો , અફઘાનિસ્તાને 43 રન પર 5 વિકેટ ગુમાવી દીધી હતી.

અઝમતુલ્લાહ ઉમરઝાઈ અને મોહમ્મદ નબી વચ્ચે 83 રનની મજબૂત ભાગીદારીથી અફઘાનિસ્તાન નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 156 રન બનાવ્યા . ભારત તરફથી અર્શદીપ સિંહે 3 વિકેટે લીધી ,ભારતે ૧૩ ઓવર અને ૪ બોલમાં 3 વિકેટ ગુમાવી 157 રન બનાવીને મેચ જીતી લીધી હતી

અભિષેક શર્માને 32 બોલમાં 82 રન બનાવવા બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા. શ્રેણીની બાકીની બે મેચ મંગળવાર અને ગુરુવારે એક જ સ્થળે રમાશે.

-------------------------

પૂલ,મિતલ – ધ્વનિત રાવલ

# ARCHERY-WORLDCUP

ભારતીય તીરંદાજ ધીરજ બોમ્મેદેવરા વિશ્વ કપ ફાઇનલમાં વ્યક્તિગત સુવર્ણ ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય પુરુષ રિકર્વ તીરંદાજ બન્યા છે. તેમણે ગઈકાલે મેક્સિકોમાં શૂટ-ઓફમાં જાપાનના નાકાનિશી જુન્યાને હરાવ્યો હતો.

25 વર્ષીય આર્મી ખેલાડી ધીરજએ ક્વાર્ટર-ફાઇનલ અને સેમિફાઇનલમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું, જેમાં પાંચ સેટની મુશ્કેલ મેચમાં જાપાનના ખેલાડીને ૬-૫થી હરાવ્યો હતો.

જયંતા તાલુકદાર રિકર્વ તીરંદાજીમાં ચંદ્રક જીતનાર છેલ્લા પુરુષ તીરંદાજ હતા - તેમણે ૨૦૧૦માં એડિનબર્ગમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. જ્યારે ડોલા બેનર્જી ૨૦૦૭માં દુબઈ વિશ્વ કપ ફાઇનલમાં સુવર્ણ ચંદ્રક જીતનાર એકમાત્ર ભારતીય મહિલા તીરંદાજ છે.

------------------------

પુલ ,મિતલ – ધ્વનિત રાવલ

# GANESHCHATURTHI

આજે દેશભરમાં ગણેશ ચતુર્થીની ખૂબ જ ભક્તિભાવ  અને આનંદથી ઉજવણી થઈ રહી છે.

આ દિવસ જ્ઞાન, સમૃદ્ધિ અને સૌભાગ્યના દેવતા ભગવાન ગણેશનો જન્મ દિવસ છે. તેને વિનાયક ચતુર્થી અથવા ગણેશ ઉત્સવ તરીકે પણ ઓળખવામાં આવે છે. આજે દસ દિવસના તહેવારનો પહેલો દિવસ છે, જે દરમિયાન લોકો તેમના ઘરોમાં ભગવાન ગણેશની માટીની મૂર્તિઓ સ્થાપિત કરે છે અને તેમની પૂજા કરે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગણેશ ચતુર્થીના અવસર પર રાષ્ટ્રને શુભેચ્છાઓ પાઠવી. રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં કહ્યું કે ભગવાન ગણેશ જ્ઞાન , સમૃદ્ધિ અને શુભ શરૂઆતનું પ્રતીક છે. ગણેશ ચતુર્થીનો તહેવાર આપણા જીવનમાં ઉર્જા, જ્ઞાન અને સકારાત્મકતા લાવે છે. રાષ્ટ્રપતિ મુર્મુએ ભગવાન ગણેશ દરેકને સારા સ્વાસ્થ્ય, સુખ, સમૃદ્ધિ અને શાંતિ આપે તેવી શુભેચ્છા પાઠવી હતી.

------------------------

પુલ ,મિતલ – ધ્વનિત રાવલ

## ARUNACHAL-MEDIA-GUJRAT

અરુણાચલ પ્રદેશના નવ સભ્યોના મીડિયા પ્રતિનિધિમંડળે ગઈકાલે ગુજરાતની એક અઠવાડિયાની મુલાકાત પૂર્ણ કરી.

પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો (PIB), ઇટાનગર દ્વારા આયોજિત, આ પ્રવાસમાં કોચરબ આશ્રમ, સાબરમતી રિવરફ્રન્ટ, CEPT યુનિવર્સિટી, ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન, નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, GIFT સિટી, અમૂલ ડેરી, ગતિ શક્તિ યુનિવર્સિટી અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવી મુખ્ય સંસ્થાઓ અને વિકાસ પ્રોજેક્ટ્સની મુલાકાતો શામેલ હતી.

પ્રતિનિધિમંડળે AI હ્યુમનોઇડ રોબોટ્સ સહિત ઉભરતી તકનીકોનું અવલોકન કર્યું અને અધિકારીઓ અને ભાગીદારો સાથે વાતચીત કરી. PIB ઇટાનગરના સંયુક્ત નિર્દેશક ઉત્સવ પરમારે જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમો પત્રકારોને ઉભરતા ક્ષેત્રોને પ્રત્યક્ષ રીતે સમજવામાં અને મીડિયા-સરકાર સંબંધોને મજબૂત બનાવવામાં મદદ કરે છે.

------------------------

પુલ મિતલ – ધ્વનિત રાવલ

## AMIT SHAH-SEVA-SANKALP-ABHIYAAN

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો, NDA સાથી પક્ષો અને અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ 17 સપ્ટેમ્બરથી 17 ઓક્ટોબર સુધી દેશભરમાં 'સેવા સંકલ્પ અભિયાન' શરૂ કરશે.

ગઇકાલે મુંબઈમાં પત્રકારો સાથે વાત કરતા શ્રી શાહે કહ્યું કે, આ અભિયાનનો ઉદ્દેશ્ય જનભાગીદારી દ્વારા વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવાનો છે. તેમણે કહ્યું કે 17 સપ્ટેમ્બરે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીનો જન્મદિવસ છે અને આ વર્ષે ઓક્ટોબરમાં તેઓ મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી તરીકે જાહેર જીવનના 25 વર્ષ પૂર્ણ કરશે.

શ્રી શાહે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વ હેઠળની NDA સરકારના કાર્યકાળ દરમિયાન હાથ ધરવામાં આવેલા વિવિધ માળખાગત, સામાજિક અને સાંસ્કૃતિક કાર્યોનો પણ ઉલ્લેખ કર્યો.

------------------------

પુલ મિતલ – ધ્વનિત રાવલ

## HINDI-DIVAS

આજે દેશભરમાં હિન્દી દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. 1949 માં આ દિવસે, બંધારણ સભાએ દેવનાગરી લિપિમાં લખાયેલી હિન્દીને દેશની સત્તાવાર ભાષા તરીકે અપનાવી હતી. આજે, હિન્દી વિશ્વની સૌથી વધુ બોલાતી ભાષાઓમાંની એક છે અને 52 કરોડથી વધુ લોકોની પ્રથમ ભાષા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે નવી મુંબઈમાં હિન્દી દિવસ 2026 કાર્યક્રમ અને 6ઠ્ઠી અખિલ ભારતીય સત્તાવાર ભાષા પરિષદમાં હાજરી આપશે

------------------------

પુલ મિતલ – ધ્વનિત રાવલ

## OMAN-VESSEL-ATTACK

ઓમાનના દરિયાકાંઠે ગઈકાલે વાણિજ્યિક જહાજ એમટી એલ ગાઈયા પર થયેલા હુમલાની ભારતે સખત ટિકા કરી છે. ઓમાનમાં ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં 13 ભારતીય ક્રૂ સભ્યોને બચાવી લેવામાં આવ્યા છે. એક ભારતીય નાગરિકની શોધખોળ  ચાલી રહી  છે.

દૂતાવાસે જણાવ્યું હતું કે તે પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે દૂતાવાસે ભારતીય નાગરિકોને બચાવવામાં ઓમાની અધિકારીઓની મદદ બદલ આભાર પણ વ્યક્ત કર્યો હતો.

ભારતે જણાવ્યું હતું કે વાણિજ્યિક જહાજો, નાવિકો, નાગરિકો અને નાગરિક માળખાગત સુવિધાઓને નિશાન બનાવવી અસ્વીકાર્ય છે. દૂતાવાસે આ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય જળમાર્ગો દ્વારા સલામત અવરજવર અને વાણિજ્ય પ્રવાહને વહેલી તકે પુનઃસ્થાપિત કરવા પણ હાકલ કરી હતી.

------------------------

પુલ ,મિતલ – - ધ્વનિત રાવલ

## AMITSHAH-UCC

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે 21 રાજ્યોમાં ભાજપની આગેવાની હેઠળની NDA સરકારો 2029 પહેલા સમાન નાગરિક ધારો –UCC લાગુ કરશે.

મુંબઈમાં પત્રકારો સાથે વાત કરતા ગૃહમંત્રીએ કહ્યું કે, ઘણા રાજ્યોમાં UCC લાગુ કરવામાં આવ્યો છે અને તેમને વિશ્વાસ છે કે 2029 પહેલા ભાજપ-NDA શાસિત 21 રાજ્યોમાં  UCC લાગુ કરવામાં આવશે.

બાઇટ AMITSHAH-ON-UCC

------------------------

પુલ ,મિતલ – - ધ્વનિત રાવલ

## IRAN - GULF TALKS POSTPONED

હોર્મુઝ સામુદ્રધુની અંગે ચર્ચા કરવા માટે ઈરાન અને ખાડી દેશો વચ્ચે આજે યોજાનારી બેઠક મુલતવી રાખવામાં આવી છે.

ઓમાનના વિદેશમંત્રી બદર બિન હમાદ અલ બુસૈદીએ ગઈકાલે મોડી સાંજે આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે, સલાલાહમાં આજે યોજાનારી પ્રાદેશિક બેઠક મુલતવી રાખવામાં આવી છે,

ઈરાની મીડિયાએ અહેવાલ આપ્યો હતો કે, કેટલાક પ્રાદેશિક દેશોની અપીલ પર બેઠક મુલતવી રાખવામાં આવી હતી અને આ નિર્ણય ઈરાન અને ઓમાન દ્વારા સંયુક્ત રીતે લેવામાં આવ્યો હતો.

-------------------------

પુલ ,મિતલ – - ધ્વનિત રાવલ

# PMBRICS

૧૮મું બ્રિક્સ શિખર સંમેલન નવી દિલ્હીમાં પૂર્ણ થયું, જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાર મૂક્યો કે બ્રિક્સની વિવિધતા જ તેની ઓળખ હોવી જોઈએ , સહયોગ એ તેની પ્રેરણા અને તેની પ્રગતિ માનવતાના કલ્યાણમાં યોગદાન આપનારી હોવી જોઈએ.

બે દિવસીય સંમેલનના અંતિમ દિવસે પોતાના સમાપન ભાષણમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, બ્રિક્સ ફક્ત દેશોનું જૂથ નથી પરંતુ ઉકેલોનું એક ઇકોસિસ્ટમ છે. તેમણે કહ્યું કે છેલ્લા બે દિવસમાં થયેલી ચર્ચાઓએ આ વિશ્વાસને વધુ મજબૂત બનાવ્યો છે.

(BYTE – PM)

શ્રી મોદીએ આશા વ્યક્ત કરી કે સંમેલનમાં અપનાવવામાં આવેલ નવી દિલ્હી જાહેરનામું એક સહિયારા દ્રષ્ટિકોણ અને ભવિષ્યના સહયોગ માટે સ્પષ્ટ દિશા પ્રદાન કરશે.

-------------------------

પુલ ,મિતલ – - ધ્વનિત રાવલ

# PM ON BRICKS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હી સમિટને સફળ અને પરિણામલક્ષી બનાવવા બદલ તમામ બ્રિક્સ સભ્ય દેશોના નેતાઓનો આભાર વ્યક્ત કર્યો છે. બે દિવસીય સમિટની મુખ્ય બાબતો દર્શાવતો એક વિડિઓ પ્રધાનમંત્રીના સોશિયલ મીડિયા હેન્ડલ પર પોસ્ટ કરવામાં આવ્યો છે. વિડિઓમાં પ્રધાનમંત્રીના સમિટ ભાષણનો એક અંશ છે, જેમાં તેમણે કહ્યું હતું કે બ્રિક્સ દ્વારા ભારતે વૈશ્વિક સ્તરે મિત્રતા, ભાગીદારી અને સહયોગને આગળ વધાર્યો છે.

(બાઇટ PM ON BRICKS)

ભારતે 12-13 સપ્ટેમ્બર, 2026 ના રોજ બ્રિક્સ સમેલન સમિટનું આયોજન કર્યું હતું, જેમાં જૂથના 11 સભ્ય દેશો અને 10 ભાગીદાર દેશોના નેતાઓ તેમજ આંતરરાષ્ટ્રીય સંગઠનોએ હાજરી આપી હતી. શ્રી મોદીએ સમેલનના છેલ્લા ત્રણ દિવસોમાં રાષ્ટ્રોના વડાઓ સાથે 15 દ્વિપક્ષીય બેઠકો પણ યોજી હતી.

------------------------

પુલ ,મિતલ – - ધ્વનિત રાવલ

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- સંદેશની હેડલાઇન છે – ટેક્નોલોજી અને દુર્લભ ખનીજોને હથિયાર નહીં બનાવવા બ્રિક્સમાં મોદીની અપીલ
- ગુજરાત સમાચાર લખે છે – તમે શક્તિશાળી છો એટ્લે સાચા બની જતાં નથી:જિનપિંગનો ટ્રમ્પને ટોણો
- ફૂલછાબે બ્રિક્સનો અવાજ બુલંદ: હવે નક્કર પરિણામની આશા આ સમાચારને હેડલાઇન બનાવી છે
- આ ઉપરાંત રશિયાએ ભારત પાસેથી ઓગસ્ટમાં 1.20 લાખ ટન પેટ્રોલ આયાત કર્યું અને મહિલા એશિયા ટી ટેવન્ટી વિશ્વ કપમાં ભારતનો વિજય સહિતના સમાચારો વિવિધ અખબારોમાં પહેલા પાને વાંચવા મળી રહ્યા છે.
- ગણપતિ મહોત્સવ સાથે ઉત્સવ ઈકોનોમી 10 વર્ષમાં ખરીદીનું પ્રમાણ અઢી ગણું વધ્યું – આ સમાચારને ગુજરાત સમાચારે છેલ્લા પાને લીધા છે.
- આ ઉપરાંત રાજ્યમાં લાંબા વિરામ બાદ  મેઘરાજાના આગમનના સમાચાર વિવિધ અખબારોમાં વાંચવા મળી રહ્યા છે.